## ખ્રિસ્તી ધર્મગુરૂને અડફેટે લેનાર ડમ્પરચાલકની ધરપકડ

### મોડી સાંજે પાદરીની વેગનઆર ગાડીને ટકકર મારી ડમ્પર મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક પેથાપુર રાંધેજા માર્ગ પર થયેલા ડમ્પર અને વેગનઆર વચ્ચેના અકસ્માતમાં ખ્રિસ્તી ધર્મગુરુનું અવસાન થયું હતું. ડમ્પર ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો જેને પેથાપુર પોલીસે આજે પકડી પાડીને ધરપકડ કરી લીધી છે.

વેગનઆર ગાડીમાં પેથાપુર રાંધેજા માર્ગ પર પસાર થઈ રહેલા જીવન વિકાસ કેન્દ્રમાં રહેતા પાદરી રોકી ડીસીલ્વાનું બેફામ આવતી ડમ્પરની અડફેટે મૃત્યુ નિપજયું હતું. આ ઘટના બાદ ડમ્પરનો ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા ડમ્પર ચાલકની શોધખોળ શરુ કરી હતી. દરમિયાન આજે બપોરે પેથાપુર પીએસઆઈ એસ.જે. વાઘેલાએ ફરાર ડ્રાઈવરને ઝડપી પાડયો છે. મોટી આદરજ ગામે રહેતા ડ્રાઈવર લાલા સબુરભાઈ સલાટની પેથાપુર પોલીસે ધરપકડ કરી દીધી છે.

# સે-૨૮/૨૯ પાસે બસ કન્ટ્રોલ પોઈન્ટ શરુ કરવાનું ખોરંભે

### કન્ટ્રોલ પોઈન્ટ બનાવવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ પરંતુ લાંબા સમયના અંતે આગળ કાર્યવાહી ન થઈ

ગાંધીનગર, તા.૩૧

સે-૨૮/૨૯ના બસ સ્ટેન્ડ પાસે કન્ટ્રોલ પોઈન્ટ ઉભો કરવાનું આયોજન ખોરંભે પડયું છે. આ મામલે અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આમ છતાં મીની સ્ટેન્ડ બનાવવાની યોજના આખરી થઈ શકી નથી.

સે-૨૮/૨૯ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર તરફ જવા માટે મુસાફરોની ભીડ રહે છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશો ઉપરાંત ગામડાના મુસાફરોને નજીકના સ્ટેન્ડથી અસરકારક અને સમયસર બસ સેવા પૂરી પાડવા આ વિસ્તારમાં એસ.ટી.નો કન્ટ્રોલ પોઈન્ટ શરુ કરવા સેન્ટ્રલ ઓફિસ દ્વારા નિર્ણય લેવાયો હતો જયારે આ આયોજનને લઈ અગાઉ ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. સે-૨૮/૨૯ના બસ સ્ટેન્ડને અનુલક્ષી મોટી કેબીન અને પાંચ પ્લેટફોર્મ સહીતનું બસ સ્ટેન્ડ બનાવવા આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ લાંબા સમયના અંતે પણ આ કાર્યયોજના આખરી ન થતા આગળની કામગીરી ખોરંભે પડી છે. આ વિસ્તારમાં કન્ટ્રોલ પોઈન્ટ શરુ થયા બાદ આમ નાગરિકોને યોગ્ય બસ સુવિધા ઉપલબ્ધ થશે.




૧લી જાન્યુઆરીથી ૭મી જાન્યુઆરી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગ રુપે જિલ્લા પોલિસ દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ટ્રાફિક નિયમન માટે જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો તૈયાર થઈ રહ્યા છે.

# રેલવે ટ્રેક પર માલગાડી નીચે ૨૨ વર્ષીય યુવાન કપાઈ ગયો

### નવેક વર્ષ પહેલા પિતાનું અવસાન થઈ ગયું હતું : માતાએ એકનો એક સંતાન ગુમાવી દીધો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક ખોરજ રેલવે ટ્રેક ઓળંગી રહેલો ૨૨ વર્ષીય યુવાન માલગાડી નીચે આવી જતા તેના શરીરના બે ટુકડા થઈ ગયા હતાં. ઘટના સ્થળે જ મૃત્યુ પામેલા યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી રેલવે પોલીસે તપાસ શરુ કરી છે.

મહેસાણાના ઊંઝા વિસ્તારનો મુળ વતની અને હાલ કલોલ ખાતે મામાના ઘરે રહેતો ૨૨ વર્ષીય યુવાન ચિરાગ નાયી અમદાવાદમાં નોકરી કરતો હતો તેના પિતાનું નવેક વર્ષ અગાઉ અવસાન થયું હતું. માતાનો એકનો એક સંતાન ચિરાગ જ આધાર હતો. ચિરાગ ગઈ કાલે બપોરે ખોરજ રેલવે ટ્રેક ઓળંગી રહ્યો હતો તે દરમિયાન માલગાડી નીચે આવી જતાં કપાઈ ગયો હતો. શરીરના બે ટુકડા થઈ ગયા હતાં. રેલવે પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર જસવંતસિંહ સ્થળ પર આવી પહોચ્યા હતા અને મૃતદેહના ટુકડા લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમ કરાવી ગુનો દાખલ કરી તપાસનો દૌર શરુ કર્યો છે.

## પૂ. છગનભા વિજયપદ્મ મહોત્સવમાં આર.જી. અને એસ.બી. કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ વિજેતા થઈ

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આદ્યસ્થાપક પૂજય છગનભાની યાદીમાં આર.સી. પટેલ ટેકનીકલ સ્કુલ કડી ખાતે છગનભા વિજય પદ્મ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. પૂજય છગનભાની યાદમાં દર વર્ષે તા. ૨૨ ડિસેમ્બરના રોજ સંસ્થાની અનેક શાળાઓની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. અંતર્ગત સ્પર્ધામાં ગાંધીનગર, કડી અને વડનગરની શાળાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં શહેરની સે-૨૩માં આવેલી શ્રીમતી આર.જી. અને એસ.બી. પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ વિજેતા થઈ હતી. જેમાં ક્રિષ્ના પટેલ ગોળાફેકમાં બીજું, ભુવનેશ્વરી ચૌહાણ ગોળાફેંકમાં પ્રથમ, જીમી પટેલ-૧૦૦મી. દોડમાં ત્રીજું, ટિવન્કલ પરમાર ૪૦૦મી. દોડમાં ત્રીજું, પ્રિયંકા પરમાર અને જૈમિની પટેલે લાંબીકૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

## અમદાવાદમાં અડચણરૂપ ૭૯ ફેરિયાને આખરે ખસેડવામાં આવ્યા

શહેરમાં પાનકોરનાકાથી ત્રણ દરવાજા સુધીના રસ્તાની વચ્ચોવચ ઉભા રહી ટ્રાફીકને અડચણરૂપ ધંધો કરતા ૭૯ ફેરીયાને ખસેડવામાં આવ્યા છે અને રસ્તો જાહેર જનતા તેમજ દુકાનદારો માટે ખુલ્લો કરવામાં આવ્યો છે. તેમજ ગીરધરનગર વોર્ડમાં શાહીબાગ કેમ્પ રોડ ઉપરથી આશરે ૪૫ કાચા પાકા ઝુપડાઓ, ૧૦ લારી, ૫ ગલ્લા, ૩૦ ઓટલા દૂર કરી ટીપી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે.




**માનવસેવા સમર્પિત પ્રથમ સોપાન**

નિષ્ઠા ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા અને રેડક્રોસ સોસાયટી કલોલના સહયોગથી રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. માનવસેવાને સમર્પિત પ્રથમ સોપાન સમો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૧૭ નાગરિકોએ રકતદાન કરી સેવાયજ્ઞમાં પોતાનો શ્રેય આપ્યો હતો.

## સે-૨૪માં ધોળે દિવસે મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

ગાંધીનગર, તા.૩૧

શહેરના હાર્દસમા વિસ્તાર એવા સે-૨૪ ખાતે ગઈ કાલે બપોરના અરસામાં એક મહિલા ચાલતી જઈ રહી હતી ત્યારે ધોળે દિવસે બાઈક પર આવેલા ચેઈન સ્નેચર્સે મહિલાના ગળામાંથી સોનાનો દોરો આંચકી લીધો હતો. ચેઈન સ્નેચિંગ કરીને બંને શખ્સો બાઈક પર ફરાર થઈ ગયા હતાં. પોલીસ કંટ્રોલને જાણ કરાતા નાકાબંધી કરી દેવામાં આવી હતી પરંતુ ચેઈન સ્નેચર્સ હાથમાં આવ્યા ન હતાં.

## પેન્શનર્સ સમાજ કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પલેક્ષ સેકટર-૨૨ ખાતે ડાહ્યાભાઈ પ્રજાપતિની અધ્યક્ષતામાં મળશે. બેઠકમાં પેન્શનર પ્રદાનના લવાજમ અને વાર્ષિક સામાન્ય સભા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓએ હાજર રહેવા ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

## સે-૫/એમાં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૩૧


પંચમુખી શિવ હનુમાન સે-૫-એ ખાતે ચાલતી શિવ મહાપુરાણ કથામાં પંચમ સોપાન સુંદરકાંડ પાઠનું આજરોજ બુધવારે બપોરે ૨.૩૦ કલાકે યુવા કથાકાર સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આયોજન કરાયું છે. ભાવિક ભકતોને લાભ લેવા જણાવવામાં આવે છે.

## ગાંધીનગર શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

આજના વિકસતા જતા યુગમાં શિક્ષણને પ્રાધાન્ય આપી સામાજિક વિકાસમાં શિક્ષણની સાથોસાથ પરંપરાગત મૂલ્યોનું જતન કરવું અત્યંત અનિવાર્ય છે, એમ આરોગ્ય રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજના પરિવારજનોના સ્નેહમિલન સમારોહના અધ્યક્ષસ્થાનેથી બોલતાં મંત્રી શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, -વર્તમાન યુગમાં શિક્ષણ અત્યંત અનિવાર્ય છે. સાથોસાથ ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે ત્યારે કેળવણીને -ધાન્ય આપી સમાજના યુવાનો યોગ્ય કારકિર્દી ઘડે તે જરૂરી છે. તેમણે સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા કન્યા કેળવણીને જે -ધાન્ય આપ્યું છે તેને બિરદાવતાં કહ્યું કે, શિક્ષણની



સાથોસાથ યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ પોતાનું યોગદાન આપે અને તેમને જરૂરી માર્ગદર્શન મળે તે માટે વિવિધ -વૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે. કન્યા કેળવણી ક્ષેત્રે કાર્યરત ગાંધીનગરની જે. એમ. ચૌધરી સંસ્થાની -વૃત્તિઓને વધુ વેગવાન બનાવવા માટે શ્રેષ્ઠીઓને આગળ આવવા આહ્‌વાન કર્યું હતું. સમાજના વિવિધ મંડળો દ્વારા શિક્ષણ ક્ષેત્રે જનજાગૃતિ લાવવા પર ખાસ ભાર મુકયો હતો.

આ -સંગે અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના -મુખ શ્રી મણીભાઈ ચૌધરીએ -ાસંગિક ઉદ્‌બોધનમાં સમાજ દ્વારા કરવામાં આવતી -વૃત્તિઓની રૂપરેખા આપી હતી. તેમણે સમાજ ઉત્થાનની -ક્રિયામાં સહકાર અને સંપની ભાવનાને બળવત્તાર બનાવીને ખભેખભા મિલાવી કામ કરવા આહ્‌વાન કર્યું હતું. ઉપરાંત સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા શિક્ષણ ક્ષેત્રે જે સહકાર મળી રહ્યો છે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

આ -સંગે સમાજના ઉચ્ચ શિક્ષણ મેળવી શ્રેષ્ઠ કારકિર્દી ઘડનાર તેજસ્વી યુવાનો જેવા કે ડૉકટરો, પી.એચ.ડી. કરનાર વિદ્યાર્થીઓ અને રાષ્ટ્રીયકક્ષાએ રમત સ્પર્ધામાં ભાગ લેનાર રમતવીરોનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

આ -સંગે ધારાસભ્યો સર્વ શ્રી અમિતભાઈ ચૌધરી, શ્રી જોઈતારામભાઈ પટેલ, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચેરમેન શ્રી ગણેશભાઈ ચૌધરી, કાંતિભાઈ ચૌધરી સહિત કારોબારી સભ્યો, સમાજના અગ્રણીઓ સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ડાહ્યાભાઈ ચૌધરી અને શ્રી કાંતિભાઈ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ શ્રી વિષ્ણુભાઈ ચૌધરીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા મંડળના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા

# નોટીફાઈડ એરીયાના કર્મચારીઓને મનપામાં બઢતી આપવા માંગણી કરાઈ

### પૂરતી લાયકાત અને વર્ષોથી ફરજ બજાવતા ૩૫ કર્મચારીઓને સરકારના ઠરાવ મુજબ બઢતી નહી અપાય તો આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોટીફાઈડ એરિયાના કર્મચારીઓને બઢતી મેળવવા માટે જરુરી લાયકાતો હોવા છતાં નિમણુંક આપવાના નિર્ણયમાં બંધબારણે ફેરફાર કરાયાનો આક્ષેપ મનપા પર કરવામાં આવ્યો છે. યુનિયન દ્વારા રોસ્ટરના નિયમ મુજબ બઢતી આપવા અને સરકારના નિયમ મુજબ અનામતના નિયમોનું પાલન કરવા માંગ કરાઈ છે તેમજ આમ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની પણ ચીમકી ઉચ્ચારેલ છે.

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નોટીફાઈડ એરીયાના કર્મચારીઓને કોર્પોરેશનમાં સમાવેશ કરવાની બાબતને સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ હોવા છતાં તેની અવગણના કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ સફાઈ કામદાર યુનિયને કર્યો છે. કામદાર યુનિયનના જણાવ્યા મુજબ સરકાર દ્વારા તારીખ ૨૭મી જુન ૨૦૧૨ના રોજ મનપાને ૧૩૦ જગ્યાઓ માટે સ્ટાફ સેટઅપની મંજુરી આપવામાં આવી હતી. જેમાં ગાંધીનગર નોટીફાઈડ એરીયાના કર્મચારીઓને ૪૫ જગ્યાઓ પર જો આવશ્યક લાયકાત ધરાવતા હોય તો પ્રથમ નિમણુંક આપવા માટે રાજય સરકારે ઠરાવેલ હતું. આમ છતાં મનપા દ્વારા આ નિર્ણયમાં બંધ બારણે ફેરફાર કરવાની તજવીજ કરવામાં આવી રહી હોવાનો કામદાર યુનિયનો આક્ષેપ કરેલ છે.

સફાઈ કામદાર યુનિયનના જણાવ્યા મુજબ જરુરી લાયકાત ધરાવતા તમામ કર્મચારીઓ દ્વારા મ્યુનિ. કોર્પોરેશનમાં કાયદેસરની અરજીઓ પણ કરવામાં આવેલ છે. તેમજ તેઓ નોટીફાઈડ એરિયામાં જુદી જુદી જગ્યાઓ પર વર્ષોથી ફરજો બજાવી રહ્યા હોવા છતાં તેમને બઢતી આપવાના બદલે મનપા તારીખ ૫મી એપ્રિલ ૨૦૧૩ના રોજ દૈનિક પત્રમાં જાહેર નિવિદા છપાવી હતી. આ અંગે યુનિયન દ્વારા વારંવાર મનપા કચેરીને નોટીફાઈડ એરીયાના કર્મચારીઓને જરુરી લાયકાત ધરાવતા હોય તેઓને લાયકાત મુજબ બઢતી આપવાની કાર્યવાહી કરવા વિનંતીઓ કરવા છતાં યુનિયનની કોઈ અરજી પર કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ ઉપરાંત મનપા દ્વારા સરકારના નિતી નિયમો મુજબ રોસ્ટર રજીસ્ટર પણ નિભાવવામાં આવેલ નથી અને કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા વારંવાર ઠરાવો પસાર કરી કાયદેસરની જોગવાઈ મુજબ અનામતનો લાભ આપવા બાબતે પણ જાહેર નિવિદામાં કોઈ જોગવાઈ દર્શાવેલ નથી.

આ ગાંધીનગર -અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયને મનપા દ્વારા જાણી બુઝીને સમાજના કચડાયેલા વર્ગોને કાયદેસરનો નોકરીનો લાભ ન મળે તે હેતુથી આદરવામાં આવેલ ભરતી પ્રક્રીયા જાણમાં આવેલ જણાવી નોટીફાઈડ એરિયામાં વિવિધ જગ્યાઓ ઉપર કામ કરતા ૩૫ કર્મચારીઓને ઉપલી કેટેગરીમાં બઢતી મેળવવાને લાયકાત ધરાવતા હોય તે અંગે માંગ કરાઈ છે. છેલ્લા ૩૦-૩૨ વર્ષથી કામ કરતા કર્મચારીઓ જે સેનેટરી ઈન્સ્પે., ઈન્સેકટ કલેકટર, સ્ટોર કીપર, સિનીયર કારકુન, જુનિયર કારકુન, શોપ ઈન્સ્પે., ચોકીદાર અને સફાઈ કામદાર વગેરે જગ્યાઓ પર ફરજા બજાવતા હોઈ રોસ્ટર મુજબ બઢતી આપી અનામતની જગ્યાઓ માટે સરકારના નિયમોનું અક્ષરશઃ પાલન કરવા અનુરોધ કરવાની સાથે જો આ પ્રશ્નનો નિકાલ લાવ્યા સિવાય જગ્યાઓ અન્ય રીતે ભરવામાં આવશે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી પણ યુનિયને ઉચ્ચારી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬

સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિને મેકસ

: સ્કીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫, ૧૦.૧૦

: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦

: સ્કીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૫.૨૫, ૯.૧૦
મહાભારત (એનીમેટેડ) : ૧.૪૦

: સ્કીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૨૫, ૧૦.૫૫
મહાભારત (એનીમેટેડ) : ૭.૧૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્કીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦

: સ્કીન-૨ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા નાટક ‘મન મળે ત્યાં મેળો’ રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. પ્રહલાદભાઈ ચીમનભાઈ નાયી (ઉ.વ. ૪૩) બ્લોક નં. ૧૬૦/૨, ચ-૨ ટાઈપ, સેકટર-૭, ગાંધીનગર.
- સ્વ. રતિલાલ મુખજીભાઈ પરમાર (ઉ.વ. ૫૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શંકર કાશીનાથ નાફંડ (ઉ.વ. ૮૮) ૪૦- ઉર્જાનગર વિભાગ-૨, મુ.પો. રાંદેસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીજી છગનજી ઠાકોર (ઉ.વ.૭૩) મુ.પો. પરબતપુરા, તા. માણસા, જિ. ગાંધીનગર.